# ચાલને ભાઈ ફરવા જઈએ !



ડુંગર ઉપર ચઢવા જઈએ !

ચાલને ભાઈ ફરવા જઈએ !

ડુંગરથી ઝરણું ઉતરે છે

ખળભળ કરતું સાદ કરે છે.

એમાં જઈ છબછબિયાં કરીએ

ચાલને ભાઈ ફરવા જઈએ !

ડુંગર ઉપર ગઢની બારી

તેમાં બેઠી રાજકુમારી

સાચી ખોટી ખાત્રી કરીએ

ચાલને ભાઈ ફરવા જઈએ !

ડુંગરને આકાશ મળે જ્યાં

ઊંચે ઊંચે ચઢીએ ત્યાં

તારા સાથે વાતો કરીએ

ચાલને ભાઈ ફરવા જઈએ !

ભૂખ લાગે તો જાંબુ ખાશું

વહેતું આવતું પાણી પીશું

વડવાઈ ઉપર ઝૂલ્યા કરીએ

ચાલને ભાઈ ફરવા જઈએ !

- રેખાબેન ભટ્ટ